## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

### અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે તા.07/02/2023ના રોજ લેવામાં આવનાર છે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો તા.15/12/2022 થી તા.30/12/2022 દરમ્યાન બોર્ડની વેબસાઇટ **gseb.org** અથવા **prakharata.gseb.org** પરથી ફક્ત ઓનલાઈન ભરી શકાશે. પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્રો ભરવા અંગેની જરૂરી વિગતો બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા અને સમય મર્યાદામાં આવેદનપત્રો ભરવા વિનંતી કરવામાં આવે છે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**સ્થળ**: ગાંધીનગર
**તારીખ**: 09/12/2022